ક્રમાંક:રાપબો/અ.વિ.પ./૨૦૨૪/૧૧૨૧ - ૩૪

રાજ્ય પરીક્ષા બોર્ડ
સરકારી પુસ્તકાલયની સામે
સેકટર – ૨૧, ગાંધીનગર
તા:૧૯/૧૧/૨૦૨૪

## પરિપત્ર

વિષય : સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪ ની તારીખમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2023/4747/N, તા:02/08/2024
(૨) જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા ક્રમાંક:1/2024-25/21413-448, તા:21/09/2024

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ (૧) અનુસાર શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2023/4747/N, તા:02/08/2024 અન્વયે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ (જી.સી.ઈ.આર.ટી.) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોનાં સંશોધન અને તાલીમ સહાયકની જગ્યાઓ ૧૧ માસનાં કરારથી કામગીરી કરાર માટે સંદર્ભ (૨) અનુસાર ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર દ્વારા ક્રમાંક:1/2024-25/21413-448, તા:21/09/2024 થી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪ નુ આયોજન તા:૦૧/૧૨/૨૦૨૪ રોજ કરવામાં આવેલ હતું. પરંતુ તા:૦૧/૧૨/૨૦૨૪ નાં રોજ GSET પરીક્ષા – ૨૦૨૪ પણ યોજાનાર છે. સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪ માં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ GSET પરીક્ષામાં પણ રજીસ્ટ્રેશન કરેલ છે. જેથી સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪ માં ઉપસ્થિત થનાર ઉમેદવારોના હિતને ધ્યાને લઈ સદર પરીક્ષા તા:૦૮/૧૨/૨૦૨૪ નાં રોજ યોજાશે.

વધુમાં જણાવવાનું કે સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા – ૨૦૨૪ ની હોલટીકીટ તા:૨૦/૧૧/૨૦૨૪ નાં રોજ બપોરે ૦૨:૦૦ વાગ્યા થી તા:૦૮/૧૨/૨૦૨૪ નાં સવારે ૧૧:૦૦ વાગ્યા સુધી રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org પરથી ડાઉનલોડ કરી શકાશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➤ નકલ સવિનય રવાના જાણ સારૂ:
- અંગત સચિવશ્રી માન. શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય,(કેબિનેટ કક્ષા) સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી માન. શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય,(રાજ્ય કક્ષા) સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- માન. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

➤ નકલ રવાના જાણ તથા આગળની કાર્યવાહી કરવા સારૂ:
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય, રાજકોટ, સુરત, વડોદરા.
- મેનેજરશ્રી, ઇન્ડેક્ષ્ટ બી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર